હવે કેટલાંક ઉદાહરણો જોઈશું.

**ઉદાહરણ 9 :** કિંમત શોધો : $\frac{tan\ 65^\circ}{cot\ 25^\circ}$

**ઉકેલ :** આપણે જાણીએ છીએ કે,

$$cot\ A = tan\ (90^\circ - A)$$

માટે $cot\ 25^\circ = tan\ (90^\circ - 25^\circ) = tan\ 65^\circ$

એટલે કે, $\frac{tan\ 65^\circ}{cot\ 25^\circ} = \frac{tan\ 65^\circ}{tan\ 65^\circ} = 1$

**ઉદાહરણ 10 :** જો 3A એ લઘુકોણનું માપ હોય તથા $sin\ 3A = cos\ (A - 26^\circ)$ હોય, તો A ની કિંમત શોધો.

**ઉકેલ :** અહીં, આપણે $sin\ 3A = cos\ (A - 26^\circ)$ આપેલ છે. (1)

હવે, $sin\ 3A = cos\ (90^\circ - 3A)$ હોવાથી આપણે પરિણામ (1) ને નીચે પ્રમાણે લખી શકીએ.

$$cos\ (90^\circ - 3A) = cos\ (A - 26^\circ)$$

હવે, $90^\circ - 3A$ અને $A - 26^\circ$ બંને લઘુકોણ હોવાથી,

$$90^\circ - 3A = A - 26^\circ$$

તેથી, $A = 29^\circ$ મળે.

**ઉદાહરણ 11 :** $cot\ 85^\circ + cos\ 75^\circ$ ને $0^\circ$ અને $45^\circ$ વચ્ચેના માપવાળા ત્રિકોણમિતીય ગુણોત્તરનો ઉપયોગ કરીને દર્શાવો.

**ઉકેલ :** $cot\ 85^\circ + cos\ 75^\circ = cot\ (90^\circ - 5^\circ) + cos\ (90^\circ - 15^\circ)$

$$= tan\ 5^\circ + sin\ 15^\circ$$

## સ્વાધ્યાય 8.3

**1.** કિંમત શોધો :

(i) $\frac{sin\ 18^\circ}{cos\ 72^\circ}$ (ii) $\frac{tan\ 26^\circ}{cot\ 64^\circ}$ (iii) $cos\ 48^\circ - sin\ 42^\circ$ (iv) $cosec\ 31^\circ - sec\ 59^\circ$

**2.** સાબિત કરો :

(i) $tan\ 48^\circ\ tan\ 23^\circ\ tan\ 42^\circ\ tan\ 67^\circ = 1$

(ii) $cos\ 38^\circ\ cos\ 52^\circ - sin\ 38^\circ\ sin\ 52^\circ = 0$

**3.** જો 2A એ લઘુકોણનું માપ હોય તથા $tan\ 2A = cot\ (A - 18^\circ)$ હોય, તો A ની કિંમત શોધો.

**4.** જો $tan\ A = cot\ B$ હોય, તો સાબિત કરો કે, $A + B = 90^\circ$

**5.** જો 4A એ લઘુકોણનું માપ હોય તથા $sec\ 4A = cosec\ (A - 20^\circ)$ હોય, તો A ની કિંમત શોધો.

**6.** જો A, B અને C એ $\Delta\ ABC$ ના ખૂણા હોય, તો સાબિત કરો કે, $sin\left(\frac{B+C}{2}\right) = cos\ \frac{A}{2}$

**7.** $sin\ 67^\circ + cos\ 75^\circ$ ને $0^\circ$ અને $45^\circ$ વચ્ચેના માપવાળા ખૂણાના ત્રિકોણમિતીય ગુણોત્તર તરીકે દર્શાવો.

